ગાંધીનગર સમાચાર
તા. ૧૫-૫-૨૦૧૪, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

મનમોહનસિંઘ સૌજન્યશીલ વ્યક્તિત્વ

વિપક્ષ ભલે એમને અત્યાર સુધીના સૌથી નબળા વડાપ્રધાન તરીકે ઓળખાવે અને કોંગ્રેસ એના ઐતિહાસિક પરાજયનું પોટલું એમના માથા પર ઝીંકે પરંતુ હકીકતમાં ભારતના સૌજન્યશીલ વડાપ્રધાન તરીકે ડો. મનમોહનસિંહ ઘણા લાંબા સમય સુધી યાદ રહેશે. એમણે સ્વપ્ને પણ કલ્પ્યું નહોતું કે પાકિસ્તાનમાં ગયેલ એક ખોબા જેવડા ગામડામાં જન્મીને અમૃતસર નજીક વસી ગયેલા નિરાશ્રિત શીખ પરિવારમાં ઊછરેલા યુવાનને ભવિષ્યમાં કયારેક સળંગ દસ વર્ષ લગી આવડા મોટા દેશના સૂત્રધારનો રોલ અદા કરવાની તક મળશે. મનમોહનસિંહ જાતમહેનતથી આગળ આવેલા સદ્‌ગૃહસ્થ છે. એમના અર્થશાસ્ત્રના જ્ઞાન થકી તેઓ પ્રોફેસર, નાણાં સચિવ અને રિઝર્વ બેંકના ગવર્નર જેવી પ્રતિષ્ઠાની જગ્યાઓ પર કાર્યરત રહ્યા અને જ્યારે પી.વી. નરસિંહરાવના શિરે રાષ્ટ્રને સંકટ સમયે નેતૃત્વ પૂરું પાડવાની જવાબદારી આવી પડી ત્યારે એમણે જે બે પ્રખર અને અનુભવી અર્થશાસ્ત્રીઓ પર નજર દોડાવી હતી એમાં એક આપણા ગુજરાતી હતા ડો. આઈ.જી. પટેલ, જેમણે નિવૃત્ત થયા પછી પોતે વિદ્યાનગરમાં વસી ગયા હોઈ કોઈપણ જવાબદારી સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો. ડો. મનમોહનસિંહ એ શરતે તૈયાર થયા હતા કે એમને નાણાં વિભાગ સોંપાય પછી કોઈ જાતની રાજકીય દખલગીરી ન થવી જોઈએ. નરસિંહરાવ સરકારે દેશના અર્થકારણને નવી દિશા આપવા માટે નાણાં મંત્રી તરીકે ડો. મનમોહનસિંહને છૂટોદોર આપી દીધો જેના રૂડાં પરિણામ પણ આપણે જોયાં છે. વિશ્વની મહાન લોકશાહી અને આર્થિક મહાસત્તાની દિશામાં અગ્રસર બનેલા ભારતનું સુકાન સંભાળવાની જવાબદારી આવી ત્યારે ડો. મનમોહનસિંહ સુપેરે જાણતા હતા કે પોતે રાજકારણના માણસ નથી, એટલે માત્ર વડાપ્રધાનપદની જવાબદારી સિવાયની બધી બાબતો દેખીતી રીતે જ એમનામાં વિશ્વાસ મુકનાર કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી હસ્તક જ રહે, એવી એમની પૂર્વશરત હતી. ડો. મનમોહનસિંહના હાથ નીચે પ્રણવ મુખર્જી જેવા વરિષ્ઠ રાજનેતા કામ કરવા સહમત થયા એમાં પણ અર્થશાસ્ત્રીમાંથી વડાપ્રધાન બનેલા સૌજન્યશીલ સરદારજીનું વ્યક્તિત્વ જ કારણભૂત છે. એમણે પોતાના કાર્યકાળ દરમિયાન દેશને પ્રબળ મંદીના દોરમાંથી કુનેહપૂર્વક ઉગાર્યો એટલું જ નહીં, વિકાસ દરને પણ એક નિશ્ચિત ઊંચાઈ પર લઈ જવામાં અને ફુગાવાને નાથવામાં પણ એમને મહદંશે સફળતા જ સાંપડી હતી. યુપીએ-૧નાં પાંચ વર્ષ દરમિયાન એમની કામગીરીથી દેશની પ્રજા એટલી બધી પ્રભાવિત હતી કે ભાજપ જેવા વિરોધપક્ષની બુમરાણ છતાં અને ડાબેરીઓની આડોડાઈ છતાં એમને પ્રજાએ ફરી સુકાન સોંપવામાં શ્રેય જોયું હતું. યુપીએ-૧ની સિદ્ધિઓ પર યુપીએ-૨નાં પાંચ વર્ષો દરમિયાન પાણી ફરી વળ્યું, એનું કારણ હતું ગઠબંધનના સાથીઓની કરતૂતો. ટુ-જી અને કોલસા કાંડ જેવા બીજા કૌભાંડો પોતે અટકાવી ન શક્યા અને રાજકારણની અનિવાર્યતા લેખે કોંગ્રેસના સંગઠનના ખોટા નિર્ણયોનો પણ ઉફરા મને અમલ કરતા રહ્યા, તેથી એમની છબી એક નબળા વડાપ્રધાન તરીકેની બનતી ચાલી. આમ છતાં મીતભાષી મનમોહનસિંઘનું વ્યક્તિત્વ દેશને વૈશ્વિક સ્તરે મોખરાનું સ્થાન એમની સેવાઓથી ગૌરવપૂર્વક નોંધ લે છે.

પલીયડના ચેહર મેલડી માતાના મંદિરે જાતર અને રાસ-ગરબા યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

શ્રી ચહેર મેલડી પરિવાર પલીયડ ખાતે આજરોજ ગુરૂવાર રાત્રે ૯.૦૦ વાગે જાતર અને રાસ-ગરબા યોજવામાં આવશે.

કલોલ તાલુકાના પલીયડ ગામે આવેલ ચેહર મેલડી માતાજીના મંદિરે ચેહર પરીવાર દ્વારા દેવોનો રૂડો પ્રસંગ યોજાશે. આજરોજ રાત્રે ૯.૦૦ વાગે રાજરાજેશ્વરી કુળદેવી જોધ ખોડિયાર, ચહેરમાં, મેલડીમા, પરમામાં, ધનાલીયા હનુમાન દાદા અને ગોગા મહારાજના જાતર યોજાશે. આ પ્રસંગે માતાજીના રૂડા રાસ-ગરબા યોજવામાં આવશે. જેમાં ગાયક મહેશ ઠાકોર રમઝટ બોલાવશે. ત્યારબાદ માતાજીની જાતર (રમેણ) યોજાશે. જેમાં માતાજીને ફુલ ચઢાવાશે. આ રૂડા પ્રસંગમાં પધારવા ભુવાજી નારણભાઈ અને ભુવાજી ભીખાભાઈએ ધાર્મિક પ્રસંગમાં પધારવા જણાવ્યું છે.



ગુજરાત રાજ્યના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ હસ્તકના સંસ્કૃતિકુંજ પ્રતિષ્ઠાનના ઉપક્રમે સંસ્કૃતિ સંસ્થા ગાંધીનગર દ્વારા મંગળવારે રાત્રે ગાંધીનગર ટાઉનહોલ ખાતે ચિનુ મોદી લિખિત અને ચિંતન પંડ્યા દિગ્દર્શિત 'શુકદાન' નાટક યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચિનુ મોદી, ભાગ્યેશભાઈ ઝૂહા મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સૌરાષ્ટ્રના અંતરીયાળ લોકજીવન, શૂરવીરતા અને પ્રેમત્યાગ રજૂ કરતું આ નાટકને હાજર દર્શકો તરફથી ભરપૂર પ્રતિસાદ મળ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

ફીના મુદ્દે મડાગાંઠ : વિદ્યાર્થી ભાવિને લઈને ચિંતાતુર થયા

અમદાવાદ, તા.૧૪

ગરીબ પરિવારના બાળકોને ખાનગી શાળામાં મફત શક્ષણની કેન્દ્રની યોજના બા દ અમદાવાદ જિલ્લામાં આ વર્ષે પણ અનેક ગરીબ વિદ્યાર્થીઓ મફત શિક્ષણની યોજનાથી વંચિત રહી જાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ ૮૦૦ વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં પ્રવેશ આપવા માટેના ઓર્ડર ઇશ્યુ કરી દીધા છે પરંતુ ફીના મુદ્દે મડાગાંઠ સર્જાય તેવી સ્થિતિ છે. રાજ્ય સરકારે વિદ્યાર્થીદીઠ રૂપિયા ૧૦ હજાર ફી આપવાનો પરિપત્ર કર્યો છે પરંતુ અમદાવાદ શહેરની મોટાભાગની ખાનગી શાળાઓમાં ૧૫ હજારથી વધુ વાર્ષિક ફી લેવામાં આવે છે ત્યારે બાકીની ફી કોણ ભરશે તે બાબતે હજુ સુધઈ કોઇ સ્પષ્ટ નિર્દેશ આપતો હુકમ કરાયો નથી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ મુજબ દરેક વિદ્યાર્થીને મફત પ્રાથમિક શિક્ષણનો અધિકાર આપવામાં આવ્યો છે. જે અંતર્ગત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગત શૈક્ષણઇક વર્ષથી રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯નો અમલ કરવામાં આવ્યો છે અને તે મુજબ દર વર્ષે અમદાવાદમાં ૮૦૦ વિદ્યાર્થીઓને આ લાભ આપવાની રાજ્ય સરકાર દ્વારા મંજુરી આપવામાં આવી હતી પરંતુ ગત વર્ષે તેનો લાભ માત્ર ૧૨ વિદ્યાર્થીઓને મળ્યો હતો ત્યારે ચાલુ વર્ષે આ એક્ટના ચુસ્ત અમલ માટે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ ૮૦૦ વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં પ્રવેશ આપવા માટેના ઓર્ડર ઇશ્યુ કરી દીધા છે પરંતુ ફીના મુદ્દે મડાગાંઠ સર્જાય તેવી સ્થિતિ છે. રાજ્ય સરકારે વિદ્યાર્થીદીઠ રૂપિયા ૧૦૦૦૦ ફી આપવાનો પરિપત્ર કર્યો છે પરંતુ અણદાવાદ શહેરની મોટાભાગની ખાનગી શાળાઓમાં ૧૫ હજારથી વધુ વાર્ષિક ફી લેવામાં આવે છે ત્યારે બાકીની ફી કોણ ભરશે તે બાબતે હજુ સુધી કોઇ સ્પષ્ટ નિર્દેશ આપતો હુકમ કરાયો નથી. ઉલ્લેખનીય છે કે, રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ મુજબ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા નવા શૈક્ષણિક વર્ષ માટે ફોર્મ વિતરણ શરૂ કરાયું હતું અને તા ૧૮-૨-૨૦૧૪ સુધીમાં ૧૦૦૦ જેટલા ફોર્મ વિતરણ કરાયા હતા. તેમાંથી ૮૨૧ અરજીઓ આવી હતી જેમાંથી આરટીઈ એક્ટના કાયદાની મર્યાદામાં આવતા ૫૮૬ વિદ્યાર્થીઓને સ્વનિર્ભર શાળાઓમાં એડમિશન આપવામાં આવનાર છે ત્યારે સ્વનિર્ભર શાળામાં એડમિશન લેનાર નબળા અને વંચિત જૂથના બાળકોની રૂપિયા ૧૦ હજાર સુધીની ફી રાજ્ય સરકાર દરેક જિલ્લામાં ડીઈઓ કચેરી મારફત ભરવાની છે ત્યારે રૂપિયા ૧૦ હજારથી વધુ ફી ધરાવતી સ્કૂલોની બાકીની ફી વાલીઓએ ભરવી પડશે.

પાઠ્યપુસ્તક મંડળ-વિક્રેતાઓ વચ્ચે વિખવાદ ફરી સપાટીએ

અમદાવાદ, તા.૧૪

લોકસભાની ચૂંટણીની આચારસંહિતા ઉઠી જતા હવે સરકારી કચેરીઓમાં રાબેતા મુજબની કામગીરી શરૂ થઇ ચુકી છે. ત્યારે પાઠ્યપુસ્તક મંડળે પણ પોતાના ડેપો ફરીથી શરૂ કરી પુસ્તક વિક્રેતાઓને પુસ્તકો આપવાનુંશરૂ કરી દીધું છે પરંતુ જે પુસ્તક ડેપો તરફથી ધોરણ ૧થી પાંચના પાઠ્યપુસ્તકોનું વિતરણ કરવામાં આવી રહ્યું છે જ્યારે જે પાઠ્યપુસ્તકોની હાલ બજારમાં ખાસ માંગ છે તેવા ધોરણ ૬થી ૧૨ના પાઠ્યપુસ્તકો જ મંડળ તરફથી આપવામાં આવતા ન હોવાની ફરિયાદ રિટેલર્સ તરફથી ઉઠવા પામી છે. તો બીજી બાજુ પાઠ્યપુસ્તક મંડળ આ પુસ્તકો ચૂંટણી પહેલા જ અપાઈ ગયા હોવાનું જણાવે છે ત્યારે વિક્રેતાઓ અને મંડળ વચ્ચે હાલ તો વિદ્યાર્થીઓનો ખો નિકળી રહ્યો છે.

ચૂંટણી આચારસંહિતાના પગલે તમામ સરકારી કર્મચારીઓ ચૂંટણી કામગીરીમાં રોકાયેલા હોવાથી સરકારી કચેરીઓમાં કામ ઠપ્પ થઇ ગયુંહતું પરંતુ આચારસંહિતા દૂર થતાં જ કચેરીઓ ફરીથી ધમધમવા લાગ્યુંછે. પાઠ્યપુસ્તક મંડળે પણ આચારસંહિતાના પગલે પોતાનો ડેપો બંધ રાખ્યો હતો પરંતુ આચારસંહિતા દૂર થતાં જ ડેપો ફરીથી ખોલવામાં આવ્યો છે. જો કે, ડેપો ખોલવાની સાથે જ પાઠ્યપુસ્તક મંડળ અને પુસ્તક વિક્રેતાઓ વચ્ચેનો વિવાદ હંમેશાની જેમ ફરીથી સપાટી પર આવી ગયો છે. આ વખતે પુસ્તક વિક્રેતાઓ પાઠ્યપુસ્તક ડેપો દ્વારા અપાતા પુસ્તકોના જથ્થા સામે વાંધો ઉઠાવ્યો છે. વિક્રેતાઓએ આક્ષેપ લગાવ્યો છે કે, ધોરણ ૧થી પાંચમાં નવો અભ્યાસક્રમ અમલી બનતો હોવાથી તેના પાઠ્યપુસ્તકોનું વિતરણ કરાઈ રહ્યું છે પરંતુ ધોરણ ૬થી ૧૨ના પાઠ્યપુસ્તકોનું વિતરણ હજી સુધી શરૂ કરવામાં આવ્યું નથી. આ અંગે ગુજરાત બુક એન્ડ સ્ટેશનર્સએસોસિએશનના સેક્રેટરી સંકેત શારડાએ જણાવ્યું હતું કે, હાલ વેકેશનનો માહોલ છે પરંતુ ધોરણ ૬થી ૧૨ના વર્ગો વેકેશન બાદ વહેલા શરૂ થતાં હોય છે.

મે-૨૦૧૪માં લેવાનાર ઈલેક્ટ્રીકલ વાયરમેનની પરીક્ષા

ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ હેઠળ આવેલ સચિવશ્રી, લાયસન્સીંગ બોર્ડ, ઉદ્યોગભવન, ગાંધીનગર મારફત રાજ્યના અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ, મહેસાણા, જૂનાગઢ, ભુજ તથા વલસાડ કેન્દ્રો ખાતે મે-૨૦૧૪ માં તા. ૨૬-૫-૨૦૧૪ના રોજ લેવાનાર ઈલેક્ટ્રીકલ વાયરમેનની લેખીત પરીક્ષા તથા તા. ૨૭-૫-૨૦૧૪ થી શરૂ થનાર પ્રેક્ટીકલ પરીક્ષામાં બેસનાર ઉમેદવારોના રોલ નંબર આ ખાતાની વેબસાઈટ http://celced. gujarat.gov.in પર જોવા મળશે.

ડીડી ગિરનાર પરથી ભરત કવિની કવિતા પ્રસારિત થશે

આગામી તા. ૧૭મે, ૨૦૧૪ને શનિવારના રોજ બપોરે ૧ કલાકે ડીડી ગિરનાર (દુરદર્શન, અમદાવાદ) પરથી પાટનગર પ્રકાશનના તંત્રી તથા ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખશ્રી ભરત કવિ 'ઊર્મિલ'ની કવિતા પ્રસારિત થવાની છે. આ તકે ગાંધીનગર સાહિત્ય સભાના તમામ સભ્યો તેમજ ગાંધીનગરના કવિતાપ્રેમીઓને ઉપરોક્ત કાર્યક્રમ નિહાળવા જાહેર અનુરોધ છે.

હરિની દૃષ્ટિ...

સતયુગમાં 'ત્રિશંકુ' થઇ ગયા અને હવે કળીયુગમાં 'ચર્તુશંકુ' ન થાય તો સારું...!!

જસ્ટીસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આઈ.આઈ.ટી.ઈ.ની ટીમનો વિજય પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી દ્વારા જસ્ટીસ કપ-૨૦૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટમાં પાંચ ઉચ્ચ શિક્ષણ સંસ્થાના અધિકારીઓ કર્મચારીઓ ભાગ લેશે. સ્પર્ધામાં આઈ.આઈ.ટી.ઈ.ની ટીમ દ્વારા શાનદાર શરૂઆત કરવામાં આવી છે.

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના અધિકારીઓ કર્મચારીઓની વચ્ચે ક્રિકેટ મેચ રમવામાં આવશે. ટુર્નામેન્ટ તા. ૨૮મે સુધી ચાલનાર છે.

આ ટુર્નામેન્ટમાં યજમાનટીમ તરીકે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી તેમજ ઈન્ડીયન ઈસ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ડી.એ.આઈ.આઈ.સી.ટી., એન.આઈ.એફ.ટી. અને એન.આઈ.ડી. ટીમે ભાગ લીધો છે. આ ટુર્નામેન્ટની શરૂઆતમાં આઈ.આઈ.ટી.ઈ.ની ટીમે પ્રથમ બે મેચમાં વિજય મેળવી શુભ અને સારી શરૂઆત કરી છે.

વાવોલ સ્થિત મહમદશા પીરની દરગાહ ખાતે બુધવારે ઉર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગામના શ્રી હાજી ગુલામહુસેન શેખ, બચુભાઈ શેખ, ઝાફરભાઈ શેખ, મહમંદભાઈ શેખ અને અગ્રણીઓ આ ઉર્સમાં જોડાયા હતા. હરિનગર સોસાયટી તથા યુસુફભાઈ શેખ યુવાક મંડળ, શ્રી રમેશભાઈ પસ્વાલ, દશરથભાઈ ત્રિવેદી, નિરંજનભાઈ શાહ વગેરે દ્વારા ઠંડા શરબતની વ્યવસ્થા કરવામાં આવી હતી.

યુનિ.માં કાયમી રજિસ્ટ્રારની નિમણૂંક નહીં કરાતા અટકળ

અમદાવાદ, તા.૧૪

રાજ્યની સૌથી મોટી એવી ગુજરાત યુનિવર્સિટીમાં વહીવટી પ્રશાસનની નિષ્ક્રિયતા ફરી એકવાર સામે આવી છે. જેમાં હજુ સુધી યુનિવર્સિટીના રજીસ્ટ્રાર અને પરીક્ષા નિયામકની કાયમી નિમણુંક કરાઈ નથી એક બાજુ યુનિવર્સિટીના કુલપતિ પદે ૧૧ મહિના સુધી કાર્યકારી વ્યક્તિની નિમણુંક બાદ આખરે એમએન પટેલની નિમણુંક કરવામાં આવી છે ત્યારે બીજી બાજુ તેના કરતા પણ લાંબા સમયથી કાર્યકારી રજિસ્ટ્રાર પદે બળવંત પટેલ અને કાર્યકારી પરીક્ષા નિયામક પદે કલ્પિન વોરાને ચાર્જ સોંપેલ છે ત્યારે યુનિવર્સિટીને કાયમી રજિસ્ટ્રાર અને પરીક્ષા નિયામક ક્યારે મળશે તે પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે. ગુજરાત યુનિવર્સિટી કે જેને રાજ્યની સૌથી મોટી યુનિવર્સિટી માનવામાં આવે છે પરંતુ આ યુનિવર્સિટીનો વહીવટ છેલ્લા કેટલાક સમયથી કાર્યકારી અધિકારીઓના ભરોશે ચાલી રહ્યો છે જેના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર માઠી અસર પડી રહી છે. અગાઉ યુનિવર્સિટીનું કુલપતિનો કારભાર કાર્યકારી મુકુલ શાહને સોંપવામાં આવ્યો હતો. અગિયાર મહીના કાર્યકારી કુલપતિના ભરોસે યુનિવર્સિટીનો વહીવટ સંભાળ્યા બાદ આખરે યુનિવર્સિટીને એમ.એન. પટેલના રૂપમાં કાયમી કુલપતિ તો જાળ્યા આ ખુલપતિએ ચાર્જ સંભાળતા જ યુનિવર્સિટીના કાર્યકારી રજિસ્ટ્રાર અને પરીક્ષા નિયામકને હટાવીને કાયમી સભ્યોની નિમણુંકની જાહેરાતનો કરી. પરંતુ કુલપતિએ ચાર્જ સંભાળ્યાના ચાર મહિના થવા છતાં પણ હજુ પણ યુનિવર્સિટીનાં રજીસ્ટ્રાર પદે કાર્યકારી બળદેવ પટેલ અને પરીક્ષા નિયામક પદે કાર્યકારી કલ્પેન વોરા જ ચાર્જ સંભાળી રહ્યા છે. અગાઉ સેનેટ વેલ્ફેરની ચૂંટણી સમયે કાર્યકારી રજિસ્ટ્રારે દબાણોથી કંટાળીને રાજીનામું ધરી દીધુંહતું. પરંતુ કુલપતિ દ્વારા નકારી કાયમી રજિસ્ટ્રારની નિમણુંક ન થાય ત્યાં સુધી ચાર્જ સંભાળવા જણાવ્યું હતું.

વેબસાઈટનો ઉપયોગ અને ઉપયોગી વેબસાઈટ્સ

વિચારોનાં મધુવનમાં

પ્રા. ડો. રાકેશ પટેલ

કોમ્પ્યુટરનું આગમન વિશ્વમંચ ઉપર એક સામાન્ય કક્ષાના સંરક્ષણ સહાયકનાં રૂપમાં થયું હતું અને આજે તેનું સ્થાન હવા, ખોરાક અને પાણીનું થઈ જવા આવ્યું છે. મોબાઈલ પણ હવે કોમ્પ્યુટરની પગદંડી ઉપર ચાલવા મજબૂર થયો છે. મશીનની મજા તેની કશું બોલ્યા વગર કામ કરવાની ક્ષમતા પર રહેલી છે. માણસને સલાહ આપવી ગમે છે પણ લેવી નથી ગમતી.- તે વાત કોમ્પ્યુટરને બરાબર ખબર છે. તેથી તે 'હુકમ મેરે આકા'ની સ્થિતીએ કામ કરે જાય છે. બેંકમાં જાવ કે મોટી દુકાનમાં જાવ, કોઈ ઑફિસમાં જાવ કે કોલેજમાં જાવ કોમ્પ્યુટરે જાણે બધી જગ્યાએ પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. જો માણસ કામ ન કરે તો તેને આપણે કોઈ પણ રીતે ઠપકો આપીએ જ. 'મફતનો પગાર લો છો? કામ કરતા તકલીફ પડે છે?' બીજી બાજુ કોમ્પ્યુટર કામ ન કરે તો જાણે બાળકે કરેલી ભૂલ હોય તેમ તેને માફ દઈએ છીએ અને વધારેમાં આપણે કમ્પ્યુટરનો જ પક્ષ લઈ લઈએ છીએ અને બોલી પડીએ છીએ. કોમ્પ્યુટરની સેવા જ બંધ હોય પછી તે આપણને કેવી રીતે કામ કરી આપે. બિચારો માણસ!

સમય બદલાતા વિજ્ઞાનના આ પરમ સુખકર અને મહેનતું સંતાને એવી સ્થિતી આપણને લાવી આપી છે કે જો તમે કશું લખવા કે વાંચવા માંગો છો તો કોમ્પ્યુટર વગર આગળ કામ જ ન ચાલે. જો કે આજે પણ દેશી પદ્ધતિએ નામું લખનાર અને મરોડદાર હસ્તાક્ષરે લખનારા લોકો છે જ. પણ આજે વાત કરવી છે ઈન્ટરનેટની મદદથી આપણે કેવા કેવા કામ કરી શકીએ છીએ તે વિશે જાણીએ.

માણસને ખેંચી રાખનાર અને કામમાં હાથ આપનાર કોમ્પ્યુટર એક સાથે અનેક વ્યક્તિઓના કામ તો કરે છે. એ ઉપરાંત બીજા કેટલાક હોશીયારી અને કરતબવાળા કામ કરે છે જેમ કે, **www.answers.com** વેબસાઈટ ઉપર જશો તો તમને દરેક સવાલનો જવાબ મળી શકે છે. આ સર્ચ એન્જિન દુનિયાની પાંચ ભાષાઓમાં કામ કરે છે. (તમારો પ્રશ્ન પણ આંતરરાષ્ટ્રીય હોવો જરૂરી છે!) જો તમે સહેલગાહના શોખીન હો તો તમને જેનું નેટવર્ક ૨૦૦ ઉપરાંત દેશોમાં ફેલાયેલું છે અને જેને ઈન્ટરનેશનલ એન.જી.ઓ. દ્વારા ચલાવવામાં આવે છે.

આ વેબસાઈટના સભ્યો પોતાના મહેમાનોને પોતાના ઘરે રહેવાની સગવડ તો આપે છે અને સાથે સાથે આ સભ્યો એના મિત્રો, સંબંધીઓ સાથે પણ મુલાકાત કરાવે છે. વેબસાઈટનું નામ છે **www.couchsurfing.com**.

જો તમે વિદ્યાર્થી છો અને વધારાની રકમ કમાવા માગો છો તો **www.stalkninja.com** તમને મદદ કરી શકે છે. આ વેબસાઈટ તમને ફ્રીલાન્સ જોબ શોધી શકો છો. આઈટી સ્ટ્રેન્ડ્સ માટે આ યોગ્ય પોર્ટલ છે. અહીં વિદ્યાર્થીઓ માટે ઘમા પ્રોજેક્ટસ છે.

જો તમે ઈ કોમર્સ, વેબ ડેવલપમેન્ટ, પ્રોગ્રામીંગ, રાઈટીંગ, ટ્રાન્સસલેશન, એડીટીંગ, ગ્રાફિક ડિઝાઈનીંગ, ઈલસ્ટ્રેટર, સેલ્સ, ટેલી માર્કેટીંગ, કેડ, ઈન્ટીરિયર ડિઝાઈનિંગ, કન્સલ્ટીંગ, લીગલ, અકાઉન્ટીગ, અને ફોટોગ્રાફીમાં ફ્રીલાન્સ પ્રોજેક્ટ ઈચ્છો છો તો **www.guru.com** પર પોતાનો પ્રોફાઈલ બનાવ્યા પછી પ્રોજેક્ટસ માટે એ બીડીંગ કરી પ્રપોઝલ મોકલી શકો છો.

www.schoolexpress.com ખાસ વિષયમાં માહિતી મેળવવા વિદ્યાર્થી માટે આ એક સારે વેબસાઈટ છે. ભૂગોળ, ઈતિહાસ, વિજ્ઞાન, ગણિત, સમાજવિજ્ઞાન અને બીજા ઘણા વિષય પર અહીં ઢગલાબંધ માહિતી મળશે. ઉનાળાનાં અવકાશનાં સમયમાં માત્ર ફિલ્મો જોયા કરવી એના કરતા આ સારો વિકલ્પ માની શકાય. રમત (ગેમ્સ) અને પ્રવૃત્તિઓની મજા **www.dositey.com** વેબસાઈટ ઉપર મળશે. જે બાળોને ઘણું બધું શીખવે છે. જેમ કે સ્પેલીંગ, મગજની કસરત અને કોયડાઓ તમને જોવા મળે.

જો તમે સાયન્સ અને એન્જિનીયરીંગના વિદ્યાર્થી છો તો તમે **www.eurekalert.org** વેબસાઈટની મુલાકાત જરૂર લો. આ વેબસાઈટ અમેરિકન એસોસિયેશન ફોર ધ એડવાન્સમેન્ટ ઓફ સાયન્સ ચલાવે છે. અહીં ખેતીથી લઈ સ્પેસ સાયન્સ સુધીના ઘણાં વિષયોની માહિતી સર્ચ કરવાની સુવિધા છે. આ ઉપરાંત **www.sciencecomons.org** પર જઈ નવા રિસર્ચ વિશે જાણી શકો છો અને વિજ્ઞાનિકો અને સંશોધકો સાથે મળી કામ પણ કરી શકો છો. જો તમે એન્જિનિયરીંગના વિદ્યાર્થી છો અને સાયન્સની ફોર્મ્યુલા પર ફરી નજર નાંખવા માંગતા હો તો **www.efunda.com** ની મુલાકાત લેવી જોઈએ. જો તમને નવી નવી શોધ કરવાનું કે ઈનોવેશન્સ પસંદ છે તો **www.freepatentsonline.com** પર જઈ નવી શોધ, ટેકનીકસ અને પેટન્સ વિશે પ્રચૂર માહિતી મળી જશે. જો સાયન્સ અને ટેકનોલોજીની જર્નલ જોઈએ તો **www.scopus.com** ની મુલાકાત લો. કારકિર્દી બનાવવા માટે **www.master.com** વેબસાઈટ ઘણી માહિતી આપે છે. રિઝયુમ મેનેજમેન્ટ, નોકરી શોધી આપનાર એજન્સી, કેરીયર નેટવર્ક, વગેરેની સગવડ આ વેબસાઈટ પર મળશે. આ વેબસાઈટ પર નોકરી અને કેરીયર માટે સલાહ પણ મળી જશે.

સંગીત પ્રેમીઓ માટે એમપી-૩ રેડ ઉપયોગી છે.

www.mp3raid.com વેબસાઈટ પર ઈઝીલી ડાઉનલોડ કરવાની સગવડ છે. તમે કોઈ ખાસ ગીત શોધવા ચાહો છો કે પછી પોતાના મનપસંદ કલાકારના ગીત પર સર્ચ કરશો તો અહીં તમને એ ગીત મળી જશે. ગીત ડાઉનલોડ કરતા પહેલા એને સાંભળી પણ શકો છો. ગીત ડાઉનલોડ કરવા માત્ર એક રાઈટ ક્લિક કરવાની રહેશે.

www.pipl.com વેબસાઈટ પર તમે લોકોને શોધવા માગો છો તો પીપલ ડોટ કોમની મદદ લો. વેબસાઈટ પર જઈ તમે કોઈ વ્યક્તિનું નામ ટાઈપ કરશો તો એના વિશેની જાણકારી તમને ખાસ રીતે દેખાશે. **www.factmonster.com** હોમપેજ પર દુનિયાની હલચલ લોકો, રમતગમત, સાયન્સ, ગણિત જેવા વિષયોની લિંકસ આપવામાં આવી છે. જેના પર ક્લિક કરતા તથ્યો અને જાણકારીનો ભંડાર મળી જશે. ટાઈમલાઈન સેકશનમાં ઈતિહાસમાં મુસાફરી કરી શકશો. વર્ડવાઈઝઅઝમાં તમારા શબ્દ જ્ઞાનને અજમાવવાની મજા આવશે અને એટલેસની મદદથી તમે દુનિયાની સેર કરી શકશો. ડિકશનરી અને એનસાઈકલોપીડિયામાં ઉપલબ્ધ માહિતી એક ક્લિકમાં મેળવી શકશો.

(સાભાર- ગોલીબાર ગ્રૂપ પ્રકાશિત- વન્ડર ફૂલ વેબસાઈટ- માંથી માહિતી પ્રાપ્ત થયેલ છે.)